**<u>ડેડિયાપાડાનાં મહે. એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં, મુ.ડેડિયાપાડા</u>**

**ક્રિ.કે.નં.૭૪/૨૦૨૬**

**આંક:–૬**

**ફરીયાદી :–** શ્રી સરકાર

વિરુઘ્ઘ

**તહોમતદારઃ– મનસુખભાઈ મણીલાલભાઈ વસાવા**

**રહે.ગડી નીચલું ફળીયું,તા.ડેડીયાપાડા,જી.નર્મદા**

**ગુનોઃ–** પ્રોહી.એકટની કલમ–૬૫(એ)(એ)મુજબ

**<u>–:: ઠ રા વ ::–</u>**

**(૧)** ફરીયાદપક્ષનાં કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ગુનો કરેલ હોઈ તે અંગેની ફરીયાદ નોંધાવવામાં આવેલી અને તપાસ કરી તે મુજબની ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૨)** મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરસીસ **આંક–૫** થી રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે પોતે ગરીબ વર્ગના છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે. કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનું **આંક–૪** થી નિવેદન લેતાં તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ તેને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી. ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે છતાં પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને સંજોગોમાં ગુનો બનવા પામે છે તે તમામ હકીકતને નિગાહે લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આરોપી જણાવે છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે, બીજો કોઈ ગુનો નથી કે તેમાં સજા થયેલી નથી. તે સંજોગો લેતાં આરોપીને આવા કીસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય આમ હાલના કામે આરોપીની કબુલાતને ઘ્યાને લેતાં આરોપીને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

– આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨)/ બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪ ની જોગવાઈ મુજબ પ્રોહી. એકટ ની કલમ– ૬૫(એ)(એ)મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રુ.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)નો દંડ ની સજા કરવામા આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને વઘુ ૫ (પાંચ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ અપીલ સમય વીત્યેથી નિયમોનુસાર નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– આથી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ આરોપીનો જાત મુચરકો તથા જામીન ખત છ માસ સુધી અમલમાં રહેશે.

ઉપરોકત હુકમ આજ તારીખ : ૧૪ મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળઃ ડેડીયાપાડા**

**(બી.જે.પંડયા)**
**એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**ડેડીયાપાડા જી.નર્મદા**
જીજે–૦૦૫૫૪